જયહિન્દ રાજકોટ, સોમવાર, તા. ૨૨-૨-૨૦૧૬

# પોરબંદરની કોલેજમાં કાવ્યસત્ર અંતર્ગત કવિ સંમેલન યોજાયું

## ડો. મનોજ જોષી, આહમદ મકવાણી, દેવશી શીંગરખીયા, મહેન્દ્ર વાળા, વજુભાઈ પુનાણી, ડો.સ્નેહલ જોષી, સુનિલ ભીમાણી, મનસુખ ઠાકર, વ્રજલાલ રૂપાણી, એચ.પી.સીંધ, મુકુલ ગાંધીએ કર્યા રસ તરબોળ

પોરબંદર તા.૨૧

માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત ડો.વી.આર. ગોઢાણીયા મહિલા કોલેજ ખાતે તાજેતરમાં ગાંધીનગર ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા કવિ સંમેલન, કાવ્યસત્ર-૧૬નું આયોજન કરવામાં આવેલ હતું.

પ્રારંભમાં કોલેજના પ્રિન્સીપાલ ડો. અનુપમભાઈ નાગરે સૌ કવિઓને શબ્દ કુમ કુમ દ્વારા આવકાર્યા બાદ ગાંધીનગર ગુજરાત સાહિત્ય અકાદમીના કનૈયાલાલ ભટ્ટે ગુજરાત સાહિત્ય અકાદમીનો પરિચય આપીને હવે પ્રત્યેક જીલ્લામાં આવા કાવ્યસત્રો યોજવાની નેમ વ્યક્ત કરી હતી. ડો.વી.આર. ગોઢાણીયા શૈક્ષણિક સંકુલના એકઝીક્યુટીવ ટ્રસ્ટી ભરતભાઈ વિસાણાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કવિસંમેલન કાવ્યસત્ર-૧૬માં, મહિલા હોસ્ટેલના એડમીનીસ્ટ્રેટર પુષ્પાબેન જોષી, ડો.વી.આર. ગોઢાણીયા બી.એડ. કોલેજના પ્રિન્સીપાલ અને જાણીતા કેળવણીકાર ડો. એ.આર. ભરડા, જીલ્લા પુસ્તકાલયના ગ્રંથપાલ દીક્ષીતભાઈ, શહેરના પ્રબુધ્ધ નાગરીકો, સાહિત્યપ્રેમીઓ, કવિઓ અને કોલેજની છાત્રાઓ મોટી સંખ્યામાં હાજર રહીને આ કાર્યક્રમને માણ્યો હતો. મામાણી કોલેજના પ્રોફેસર અને જાણીતા કવિ ડો. સ્નેહલ જોષી દ્વારા આ કવિ સંમેલનનું સંચાલન થયું હતું. કાર્યક્રમનું સંયોજન કોલેજના પ્રોફેસર ડો. મુળજીભાઈ વાઘેલા તથા પ્રો. મુકુલ ગાંધી દ્વારા થયું હતું. આ કાવ્યસત્રનું સમાપન પ્રો. કમલેશભાઈ ગોહેલ દ્વારા થયું હતું. પોરબંદર સહિત સૌરાષ્ટ્રભરમાંથી ઉપસ્થિત થયેલા કવિઓ બેન્યાઝ ધ્રોળવી, ડો. મનોજન જોશી 'મન', આહમદ મકવાણી, દેવશી શીંગરખીયા, મહેન્દ્ર વાળા, વજુભાઈ પુનાણી, ડો. સ્નેહલ જોશી, સુનિલ ભીમાણી, મનસુખ ઠાકર, વ્રજલાલ રૂપાણી, એચ.પી. સિંધ, મુકુલ ગાંધી વગેરેએ પોતાની શબ્દવર્ષા દ્વારા સૌ ભાવકોના હૈયાને ભીંજવી દીધા હતા અને એવો અહેસાસ થયો હતો કે, જે વિકસે છે તે જીવે છે, બાકી માત્ર શ્વસે છે.




પોરબંદરમાં ગુજરાતી સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા કાવ્યસત્ર અંતર્ગત કવિસંમેલનનું આયોજન થતાં ઉપસ્થિત કવિઓ અને કાવ્યશોખીન લોકોની તસ્વીર. (તસ્વીર: જીતેશ પોપટ)

કવિઓએ રજુ કરેલી પંક્તિઓ

કવિ ડો. મનોજ જોશી 'મન' એ

ડગલે પગલે નડવા લાગ્યા, સપના સાથે પડવા લાગ્યા

**સગપણમાં નહિનિ ચાવી નાખ્યા, એવી સંબંધ કડવા લાગ્યા**

રજુ કરી હતી. તો બેન્યાઝ ધ્રોળવી એ

એક સપનાની હવેલી જોઉં છું, પાંપણોની બંધ ડેલી જોઉં છું

**શબ્દોનો રસ્તો મળે કે ના મળે, સીમમાં ગઝલો ફરેલી જોઉં છું**

રજુ કરી હતી, આહમદ મકવાણી એ

શ્વાસના તારો વણી ચાદર કરૂં છું, શક્યતાના રંગથી એને ભરૂં છું

**ક્યાં ખબર છે કોઈને દર્પણ સિવાય, નીજ તણા પ્રતિબિંબ થી ડરતો ફરૂં છું.**

રજુ કરી હતી તો હીરજી સિંધ એ

રસ્તા નવા છે, ડગ માંડયા છે,

**તું ગઝલ, પણ મારી દવા છે**

રજુ કરી હતી, વજુભાઈ પુનાણીએ

હરિના હેત પારખવા, નથી હૂંડી લખી એણે

**ભરોસા પર જગતનો નાથ, વાણોતર બની આવે**

રજુ કરી હતી તો મનસુખ ઠાકરે

ઉઘડતી સવારનું લક્ષ્ય ક્યાં હોય છે, હરેક સપનાઓ ભવ્ય ક્યાં હોય છે

**ઝાંખી કરી લે એની તું, હૃદયમાં 'મન' રોજ દીદાર શક્ય ક્યાં હોય છે**

રજુ કરી હતી, વ્રજલાલ રૂપાણીએ

ગર્ભગૃહની વચ્ચે બેઠો, લઈ પથ્થરની જાત

**માણસ આવી ત્યાં મૂકે છે, પીગળવાની વાત**

રજુ કરી હતી, મહેન્દ્ર વાળાએ

કડકો કેવળ ખરા કબીરા

**બાકી બીજા ભ્રમ કબીરા**

રજુ કરી હતી અને સુનીલ ભીમાણી 'અંગત' એ

આપણામાં અંગત ભેદન હોય, પારકામાં પંગત ભેદ ન હોય

**સમજી શકો માણસની ભાષાને, ગીતા, રામાયણ વેદ ન હોય**

રજુ કરી હતી તેમજ દેવ શીંગરખીયા એ

નથી દુઃખ કશું તોય રોવું પડે છે, હૃદય આંસુથી રોજ ધોવું પડે છે

**કોઈના આગમની ગઝલ એમ દોસ્તો, હૃદયમાં દરદબીજ બોવું પડે છે**

રજુ કરી હતી.

મોટી સંખ્યામાં સાહિત્યરસીકોએ તેનો લાભ લીધો હતો.

1